# 1 અર્થશાસ્ત્ર : વિષય-પ્રવેશ (Economics : An Introduction)

**પરિચય**

**અર્થશાસ્ત્રનો અર્થ**

અર્થશાસ્ત્ર શબ્દનો સાદો અર્થ છે 'અર્થ'નું શાસ્ત્ર. સંસ્કૃત શબ્દ 'અર્થ' પરથી આ શબ્દ ઊતરી આવ્યો છે. સંસ્કૃતમાં 'અર્થ' શબ્દના અનેક અર્થ છે. જેમાંનો એક છે 'ઉદ્દેશ્ય'- 'કશુંક મેળવવું' જે આધુનિક 'આર્થિક' અર્થ સાથે વધારે સુસંગત છે.

**અર્થશાસ્ત્રનું ભારતીય ચિંતન**

- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચાર પુરુષાર્થ છે જેમાંથી 'અર્થ' માટે કરવામાં આવતી પ્રવૃત્તિ સાથે અર્થશાસ્ત્રને સંબંધ છે.

- 'કશુંક મેળવવાની' અપેક્ષા સાથે થતી પ્રવૃત્તિ એ 'અર્થપૂર્ણ' પ્રવૃત્તિ છે.

- કૌટિલ્યના મતે અર્થશાસ્ત્ર એટલે 'મનુષ્યની વૃત્તિ અર્થ છે, મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે તેવી પૃથ્વીના લાભ-પાલનના ઉપાયો દર્શાવતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર'.

**પશ્ચિમમાં અર્થશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ**

(1) **ઍડમસ્મિથ :** એડમ સ્મિથના મતે અર્થશાસ્ત્ર એટલે સંપત્તિનું શાસ્ત્ર છે. તેઓ માને છે કે, ઉત્પાદક શ્રમ દ્વારા ઉત્પન્ન થયેલા ભૌતિક સંપત્તિના ઉત્પાદન-વપરાશ અને વિનિમયનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

(2) **પ્રો. માર્શલ :** અર્થશાસ્ત્ર માણસની રોજિંદી જિંદગીના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરે છે જેમાં તે ભૌતિક ચીજવસ્તુના વપરાશથી સુખાકારી મેળવે છે.

(3) **રોબિન્સ :** અર્થશાસ્ત્ર એટલે માણસ પોતાની જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં સાધનો વચ્ચે કેવી રીતે મેળ બેસાડે છે તેની વર્તણૂકનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.

(4) **સેમ્યુઅલસન :** સમાજ કેવી રીતે પોતાના અછતવાળાં સાધનો દ્વારા અગત્યની જરૂરિયાતોનું ઉત્પાદન કરે છે અને જુદા-જુદા લોકો વચ્ચે વહેંચે છે. તેનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે.

**આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ**

**આર્થિક પ્રવૃત્તિનો અર્થ :** માણસ પોતાની જરૂરિયાતો સંતોષવાના હેતુસર, વસ્તુઓ અને સેવાઓના વિનિમય માટે આવક મેળવવાની કે ખર્ચ કરવાની જે પ્રવૃત્તિ કરે છે તે આર્થિક પ્રવૃત્તિ છે.

**બિનઆર્થિક પ્રવૃત્તિનો અર્થ :** જે પ્રવૃત્તિનો ઉદ્દેશ્ય આવક મેળવવાનો, ખર્ચ કરવાનો અને વિનિમયનો નથી, તે સિવાયનો છે તે પ્રવૃત્તિ બિનઆર્થિક છે.

**એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર**

**એકમલક્ષી અર્થશાસ્ત્ર :** જે આર્થિક અભ્યાસો અર્થતંત્રના આર્થિક એકમોનું વિશ્લેષણ કરે છે તે એકમલક્ષી અર્થશાસ્ત્ર છે.

**સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર :** જે આર્થિક અભ્યાસો સમગ્ર આર્થિક સમષ્ટિનો અભ્યાસ કરે છે અને તેનાં તારણો સમગ્ર અર્થતંત્રને લાગુ પડે છે તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે.

**આર્થિક માહિતીની રજૂઆત**

(1) ભાષા દ્વારા (2) આંકડા દ્વારા (3) આકૃતિ દ્વારા

**આંકડાકીય માહિતીનું મહત્ત્વ**

(1) સિદ્ધાંતોની આધારભૂતતામાં વધારો થાય છે.

(2) દશા અને દિશાનાં વલણો જાણવા માટે

(3) તુલનાત્મક અભ્યાસ માટે

(4) સંક્ષિપ્તમાં રજૂઆત માટે

**આંકડાકીય માહિતીને આકૃતિ-આલેખમાં રજૂ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

(1) વિશ્વસનીય પ્રાપ્તિસ્થાન

(2) સ્વતંત્ર અને પરતંત્ર ચલ

(3) સ્કેલમાપની પસંદગી કરવી

**આંકડાકીય માહિતીની આકૃતિ કે આલેખમાં રજૂઆત**

(1) સ્તંભ-આકૃતિ

(2) પાસપાસેની સ્તંભ-આકૃતિ

(3) વૃતાંશ આકૃતિ

**અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ**

(1) વ્યાવહારિક મહત્ત્વ

(A) આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

(B) ઐતિહાસિક ઘટનાઓ

(2) આર્થિક મહત્ત્વ

(A) રોજબરોજના વ્યક્તિગત નિર્ણયો માટે

(B) સરકારની નીતિઓને સમજવા માટે

(3) વ્યાવસાયિક મહત્ત્વ

## વિભાગ A

• **નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

**1.** અર્થશાસ્ત્રનો 'અર્થ' શબ્દ કઈ ભાષાના શબ્દ ઉપરથી ઊતરી આવ્યો છે ? ☐

(A) અંગ્રેજી (B) હિન્દી

(C) સંસ્કૃત (D) ઉર્દૂ

**2.** Economics શબ્દ કઈ ભાષાનો શબ્દ છે ? ☐

(A) ગ્રીક (B) અંગ્રેજી

(C) હિન્દી (D) રોમન

**3.** ભારતમાં સભ્યતા અને સંસ્કૃતિનો ઇતિહાસ આશરે કેટલાં વર્ષથી વધુ જૂનો છે ?

(A) એક હજાર વર્ષ (B) ત્રણ હજાર વર્ષ

(C) પાંચ હજાર વર્ષ (D) સાત હજાર વર્ષ

**4.** એરિસ્ટોટલ કોણ હતા ?

(A) ભારતીય (B) અભિનેતા

(C) ગાંધીજીના ગુરુ (D) તત્ત્વચિંતક

**5.** લાયોનલ રોબિન્સનું પુસ્તક Nature and Significance of Economics કયા વર્ષમાં રજૂ થયું ?

(A) 1931 (B) 1941

(C) 1951 (D) 1961

**6.** સેમ્યુઅલસન અર્થશાસ્ત્રના અભ્યાસ ક્ષેત્રમાં કયા મુદ્દાને મહત્ત્વનું સ્થાન આપે છે ?

(A) ભાડું (B) પસંદગીઓ અને વહેંચણી

(C) વેતન (D) નફો

**7.** આર્થિક પ્રવૃત્તિમાં ત્રણ બાબતો મહત્ત્વની છે. એક આવક બીજું ખર્ચ અને ત્રીજી બાબત કઈ ?

(A) બચત (B) ઉત્પાદન

(C) આયાત (D) વિનિમય

**8.** શાળામાં શિક્ષણ મેળવવાની પ્રવૃત્તિ કઈ પ્રવૃત્તિ છે ?

(A) બિનઆર્થિક (B) આર્થિક

(C) ધાર્મિક (D) આકસ્મિક

**9.** નીચેનામાંથી કઈ બાબતનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં થતો નથી ?

(A) ગરીબી (B) બેકારી

(C) પેઢીનું ખર્ચ (D) વસ્તી

**10.** રેખીય આકૃતિ નીચેનામાંથી કઈ છે ?

(A) માંગરેખા (B) હસ્તરેખા

(C) મસ્તિષ્કરેખા (D) જીવનરેખા

**11.** સ્વતંત્ર ચલ એક અને આધારિત ચલ બે કે તેથી વધારે હોય ત્યાર કઈ આકૃતિ અનુકૂળ છે ?

(A) સ્તંભ આકૃતિ (B) પાસપાસેની સ્તંભ આકૃતિ

(C) આકૃતિ (D) રેખા આકૃતિ

**12.** વૃતાંશ એટલે શું ?

(A) વર્તુળનો સરવાળો (B) વર્તુળનો ગુણાકાર

(C) વર્તુળનો ભાગાકાર (D) વર્તુળનો અંશ

**13.** નીચેનામાંથી કોણ આર્થિક રોકાણ કરતાં નથી ?

(A) ડૉક્ટર (B) ગાયક

(C) મૃત્યુ પામેલ વ્યક્તિ (D) શિક્ષક

**14.** તીવ્ર સ્પર્ધાવાળા બજારમાં ગ્રાહકને આકર્ષવા શું કરાય છે ?

(A) કિંમતમાં વધારો (B) ભાવ-સ્થિરતા

(C) કિંમતમાં ઘટાડો (D) ખર્ચમાં ઘટાડો

**15.** દાન આપવાની પ્રવૃત્તિ કેવી પ્રવૃત્તિ છે ?

(A) બિનઆર્થિક (B) આર્થિક

(C) બચત (D) ખર્ચ

## વિભાગ B

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો:**

**1.** કઈ પ્રવૃત્તિ અર્થપૂર્ણ છે ?

**2.** કૌટિલ્યે અર્થશાસ્ત્રનું પુસ્તક ક્યારે લખ્યું ?

**3.** કયા પુસ્તકમાં ચાણક્યના આર્થિક વિચારો રજુ થયા છે ?

**4.** ઔદ્યોગિક ક્રાંતિ બાદ ઔદ્યોગિક ક્ષેત્રે કયાં બે પરિવર્તનો થયાં હતાં ?

**5.** અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનનો દરજ્જો કયા અર્થશાસ્ત્રી એ આપ્યો છે ?

**6.** રોબિન્સે અર્થશાસ્ત્રને કયા વિજ્ઞાન તરીકે રજૂ કર્યું છે ?

**7.** કેવી લાગણીઓથી પ્રેરાઈને થયેલ પ્રવૃત્તિ બિનઆર્થિક છે ?

**8.** માંગના અભ્યાસમાં વિશ્લેષણનું એકમ કોણ છે ?

**9.** પુરવઠાના અભ્યાસમાં વિશ્લેષણનું એકમ કોણ છે ?

**10.** આકૃતિ શું દર્શાવે છે ?

**11.** માંગના નિયમમાં કિંમત અને માંગ કઈ ધરી ઉપર દર્શાવાય છે ?

**12.** ઇંગ્લૅન્ડના વેપારીઓએ ઈસ્ટ ઇન્ડિયા કંપની શા માટે સ્થાપી ?

**13.** અર્થશાસ્ત્રની મદદથી સમજી શકાય તેવી રાજ્યે આપેલ બે નીતિઓના નામ આપો.

**14.** આર્થિક જગતમાં માણસનાં મુખ્ય ત્રણ સ્વરૂપો કયાં-કયાં છે ?

**15.** ભારતની આર્થિક સ્થિતિ દર્શાવવા કયા આંકડા વધારે આધારભૂત ગણાય છે ?

16. પાસે પાસેના સ્તંભ આલેખની રચના ક્યારે થાય છે ?

17. સિદ્ધાંતોને વ્યવહારમાં ચકાસવા માટે આધારભૂત રજૂઆત માટે કઈ માહિતી જરૂરી છે ?

18. સ્વતંત્ર ચલ કઈ ધરી પર દર્શાવાય છે ?

19. આધારિત (પરતંત્ર) ચલ કઈ ધરી પર દર્શાવાય છે ?

20. વૈજ્ઞાનિક અભ્યાસપદ્ધતિના મુખ્ય બે આધાર કયા છે ?

## વિભાગ C

- **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

1. કયા ચિંતનના પરિણામે ઍડમસ્મિથે "Wealth of Nation" પુસ્તક રજૂ કર્યું ?

2. સેમ્યુઅલસને આપેલ અર્થશાસ્ત્રની વ્યાખ્યા જણાવો.

**3.** માનવ-જરૂરિયાતો કેવી હોય છે ? તે સંતોષવા માટેનાં સાધનો કેવાં છે ?

**4.** ચલ કેટલા છે ? કયા-કયા ? ઉદાહરણ દ્વારા જણાવો.

**5.** અર્થશાસ્ત્રની વ્યાખ્યાઓ ઉપરથી કયા ત્રણ મુદ્દા તારવી શકાય છે ?

**6.** સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સરકારને કયા નિર્ણયો લેવામાં મદદ કરે છે ?

**7.** આર્થિક અભ્યાસમાં સિદ્ધાંત અને માહિતીની રજૂઆત કઈ રીતે થાય છે ?

**8.** સંક્ષિપ્ત અને પ્રતિકાત્મક રજૂઆત માટે કોણ મહત્ત્વના છે ?

**9.** આકૃતિ અને ગ્રાફમાં સ્કેલ માપ કઈ રીતે પસંદ કરવામાં આવે છે ?

**10.** અર્થશાસ્ત્રનું આર્થિક મહત્ત્વ દર્શાવો.

## વિભાગ D

- **નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

**1.** પશ્ચિમમાં અર્થશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ જણાવો.

2. ઍડમસ્મિથ અને માર્શલની અર્થશાસ્ત્રની વ્યાખ્યા સમજાવો.

3. આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિનો તફાવત સ્પષ્ટ કરો.

4. એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો તફાવત આપો.

5. આંકડાકીય માહિતીનું મહત્ત્વ રજૂ કરો.

6. આંકડાકીય માહિતીને આકૃતિ-આલેખમાં રજૂ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

7. અર્થશાસ્ત્રનું વ્યાવહારિક મહત્ત્વ સમજાવો.

**વિભાગ E**

- **નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

**1.** અર્થશાસ્ત્રની જુદી-જુદી વ્યાખ્યાઓની ચર્ચા કરો.

2. આર્થિક માહિતી કઈ ત્રણ રીતે રજૂ થાય છે ? તેની વિસ્તૃત સમજૂતી આપો.

**3.** અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ ઉદાહરણ સાથે સમજાવો.